Letter No: TDD/0067/06/2024 Dt: 10-06-2024

**શૈક્ષણિક વર્ષ દરમ્યાન આશ્રમશાળામાં શૈક્ષણિક કાર્ય માટેનો સમય નક્કી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0473/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯"

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૨

**આમુખ:-**

ભારત સરકાર દ્રારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પૂરૂ પાડવા માટે કાયદો પસાર કરેલ છે. જે તા.૦૧/૦૪/૨૦૧૦ સમગ્ર દેશમાં કરવામાં આવી રહેલ છે. ભારત સરકાર દ્રારા બાળકોને ગુણવત્તા સભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે તે માટે શૈક્ષણિક કાર્ય અને શિક્ષકોના કામના કલાકો માટે જોગવાઇ કરવાનું ઠરાવેલ છે. જેનો અમલ કરવાની બાબત ગુજરાત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સરકાર દ્રારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

(૧) શૈક્ષણિક વર્ષ દરમ્યાન આશ્રમશાળાઓમાં ધોરણ-૧ થી ૫ માટે કામકાજના ૨૦૦(બસો) દિવસ અને વર્ષ દીઠ ઓછામાં ઓછા ૮૦૦ કલાક શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ દરમ્યાન ધોરણ-૬ થી ૮ ના વર્ગો માટે કામકાજના ૨૨૦ (બસો વીસ) દિવસો નક્કી કરવાના રહેશે. અને વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૧૦૦૦ કલાકનું શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

(3) આશ્રમશાળાઓમાં તૈયારી માટે તથા અન્ય આનુષાંગિક કામગીરી સહિતના શિક્ષક દીઠ અઠવાડિયાના ૪૫ (પિસ્તાળીસ) કલાકની કામગીરી કરવાની રહેશે, એટલે કે દિવસની શાળાઓમાં સોમ થી શુક્ર દરમ્યાન દરરોજ આઠ કલાકની કામગીરી કરવાની રહેશે. શનિવારે પાંચ કલાકની કામગીરી કરવાની રહેશે.

(૪) આશ્રમશાળાઓના ધોરણ-૧ થી ધોરણ-૫ ના શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં દરરોજ ઓછામાં ઓછા ૪(ચાર) કલાક અને ઉચ્ચતર આશ્રમશાળાઓધોરણ-૬ થી ધોરણ-૮ ના શિક્ષકોએ પાંચ કલાકનું વર્ગકાર્ય કરવાનું રહેશે.

(૫) અનુક્રમ (૪) માં દર્શાવ્યા મુજબના વર્ગકાર્ય કર્યા પછી બાકીનો સમય વર્ગ શિક્ષણની તૈયારી , બાળકોની સ્વાધ્યાયપોથી, પ્રયોગપોથી વગેરેની ચકાસણી આગામી દિવસ કે આગળના પ્રકરણોના શિક્ષણ માટેની તૈયારી માટે ઉપયોગ કરવાનો રહેશે. આ સમય દરમ્યાનમાં શિક્ષકે શાળામાં હાજર રહેવાનું રહેશે એટલે કે શાળા છોડીને જઇ શકશે નહિ.

આ ઠરાવનો અમલ તમામ આશ્રમશાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે જૂન-૨૦૨૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:11:38 +05:30

File No: TDD/FDD/e-file/25/2024/0473/GH Section
Approved By: Cabinet Minister,TDD_Min_Office,TDD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:11:38 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign